અપીલ અરજી નં.૩૭૫ તા.૩–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– (૧) પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ)
(૨) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(નોર્થઝોન, મધ્ય.મહેકમ)
(૩) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન,હાઈડ્રોલીક)
(૪) ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી (વર્કશોપ)
(૫) ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અનુ જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)
(૬) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
(૭) ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ
(આરોગ્ય, વીબીડીસી,માર્કેટ,મોબાઈલ ડીસ્પેન્સરી, વેકસીનેશન,
આઈસીડીએસ ઘટક–૧–૨–૩)
(૮) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ)
(૯) ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
(૧૦) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
(૧૧) ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી(સ્મીમેર કોલેજ, હોસ્પિટલ)
(૧૨) વીજીલન્સ અધિકારી અને જાહેર માહિતી અધિકારી
(૧૩)ઈ.ચા. કાર્યપાલક ઈજનેર હાઉસીંગ અને જાહેર માહિતી અધિકારી ગાર્ડન
(૧૪) ઈ.ચા. ડે.કમિ.ફા. અને જાહેર માહિતી અધિકારી (આકારણી સેન્ટ્રલ સેલ)
(૧૫) માર્કેટ સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (સરથાણા પ્રાણી સંગ્રહાલય)
(૧૬) ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ)
(૧૭) ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફિસર અને જા.મા.અ. (વોચ એન્ડ વોર્ડ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૨–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧તા.૧૯–૩–૦૭ ના જાહેરાત નં.પી.આર.ઓ ૫૯૭ થી હેવી વ્હીકલ ૯૩ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પતિક્ષાયાદી ઈન્ટરવ્યુ બાદ તા.૬–૨–૦૯ ના રોજ મહેકમ વિભાગનાં નોટીસ બોર્ડ પર ૧૦૨ હેવી વ્હીકલ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી પ્રસીધ્ધ કરવામાં આવેલ અને ઓકટોબર–૧૦ સુધીમાં કુલ ૨૧૮ ડ્રાઈવરોની નિમણુંક જે જી.આર ને આધારે કરવામાં આવેલ હોય તે જી.આર.ની માહિતીની નકલ મુદ્દા નં.૨ કુલ ૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક જે તે વર્કશોપ તથા વિભાગમાં આપવામાં આવેલ હોય જે તે વર્કશોપ –વિભાગમાં તેમને સોંપવામાં આવેલ હેવી વ્હીકલના નામ નંબર તથા હેવીવ્હીકલ ડ્રાઈવરોના નામ સાથે સંપૂર્ણ માહિતીની નકલ આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૩–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૫/૨૦૧૦–૧૧.

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૨–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ તા.૧૯–૩–૦૭ ના જાહેરાત નં.પી.આર.ઓ ૫૯૭ થી હેવી વ્હીકલ ૯૩ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પ્રતિક્ષાયાદી ઈન્ટરવ્યુ બાદ તા.૬–૨–૦૯ ના રોજ મહેકમ વિભાગનાં નોટીસ બોર્ડ પર ૧૦૨ હેવી વ્હીકલ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી પ્રસીધ્ધ કરવામાં આવેલ અને ઓકટોબર– ૧૦ સુધીમાં કુલ ૨૧૮ ડ્રાઈવરોની નિમણુંક જે જી.આર ને આધારે કરવામાં આવેલ હોય તે જી.આર.ની માહિતીની નકલ મુદ્દા નં.૨ કુલ ૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક જે તે વર્કશોપ તથા વિભાગમાં આપવામાં આવેલ હોય જે તે વર્કશોપ –વિભાગમાં તેમને સોંપવામાં આવેલ હેવી વ્હીકલના નામ નંબર તથા હેવી વ્હીકલ ડ્રાઈવરોના નામ સાથે સંપૂર્ણ માહિતીની નકલ આપવા બાબતે આપેલ માહિતી અપુરતી અને અયોગ્ય હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે ડ્રાઈવરો અંગે ફરજની વિગત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૦૨ તા.૧૧–૩–૧૧ થી પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ),ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, સીટી ઈજનેર અને જાહેર

માહિતી અધિકારી લીંબાયતઝોન, ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ), ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી નોંધ વિભાગ, રીક્રુટમેન્ટ તરફથી મધ્યસ્થ મહેકમને તબદીલ કરેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૩૯૩ તા.૧૩–૧–૧૧ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી રીક્રુટમેન્ટને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૪૪૩ તા.૧૩–૧–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપવા જોગ માહિતી અંગે ફી ભરવા પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/ ૩૮૪૬ અને ૩૮૪૭ તા.૮–૨–૧૧ ના પત્રોની નકલ તથા પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૧૪ તા.૧૧–૨–૧૧ ના રોજ આપેલી માહિતી અંગેના પત્રની નકલ, બીપીએમસી એકટની કલમ–૫૧,૫૩ અને ૫૪ ની જોગવાઈ દર્શાવતા કાયદાકીય પાનાની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્ર નં.વર્કશોપ/૧૦૬૩ તા.૨૨–૩–૧૧ થી પૂરક વિગતની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી પત્ર નં.એફબી/એસપી/૨૪૩૮ તા.૨૪–૩–૧૧ તી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, રીક્રુટમેન્ટ વિભાગ તરફથી મુદ્દા નં.૨ અંગે તબદીલ કરેલ અરજી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૦૬ તા.૨૧–૧–૧૧ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ થયેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૪૩ તા.૧૩–૧–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એફબી/એસપી/જાવક નં.૨૦૯૧ તા.૯–૨–૧૧ ના પત્રની નકલ તથા ડ્રાઈવરોના લીસ્ટની યાદીની નકલ, તથા એફબી/એસપી/૨૩૩૮ તા.૧૪–૩–૧૧ ના પત્રની નકલ, ડે.કમિ.(પઅનેઈ) તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૦૭ તા.૧૧–૨–૧૧ થી સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ખાતાઓ વીજીલન્સ, આકારણી અને સીધાવેરા સેન્ટ્રલ સેલ, ગાર્ડન, સરથાણા નેચર પાર્ક, ટ્રાફીક સેલ, વર્કશોપ, ફાયરખાતુ, વોચ એન્ડ વોર્ડ વિભાગ, ડ્રેનેજ વિભાગ, હાઈડ્રોલીક વિભાગ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, વીબીડીસી, માર્કેટ, મોબાઈલ ડીસ્પેન્સરી, વેકસીનેશન, સ્મીમેર મેડીકલ કોલેજ અને હોસ્પિટલ, આઈસીડીએસ ઘટક–૧,૨,૩ , આરોગ્ય વિભાગ વિગેરેને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/૧૫૯૬ તા.૭–૨–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, ફાયર વિભાગના ડ્રાઈવરોની યાદીનું લીસ્ટ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૬૧૭ તા.૧૪–૩–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૪૩ તા.૧૩–૧–૧૧ના પત્રથી તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, રીક્રુટમેન્ટ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૧૩૯૩ તા.૧૩–૧–૧૧ થી મધ્યસ્થ મહેકમને મુદ્દા નં.૧ અંગે તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, મુદ્દા નં.૨ અંગે મ્યુ. વર્કશોપને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, મ્યુ. વર્કશોપ તરફથી પત્ર નં.વર્કશોપ/આરટીઆઈ/૩૩ તા.૧૯–૧–૧૧ થી પર્સોનલ ઓફિસર આંશિક મુદ્દા નં.૨ અંગે તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, મ્યુ. વર્કશોપ તરફથી અરજદારને આપેલી માહિતી અંગે ઓટો વર્કશોપ/આ.નં.૮૮૪ તા.૨૦–૧–૧૧ ના પત્રની નકલ તથા હેવી વ્હીકલ વાહનોના લીસ્ટની યાદી, પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ પત્ર નં.જીએડી/ઈએસટી/ આર / ૧૪૦૬ તા.૨૧–૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી ગાર્ડન, આરોગ્ય, હાઈડ્રોલીક, ફાયર, ડ્રેનેજ, સેન્ટ્રલઝોન, અઠવાઝોન, કતારગામઝોન, વરાછાઝોન, ઉધનાઝોન, રાંદેરઝોન, લીબાંયતઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ તરફથી પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં./૨૨૨૩ તા.૨૨–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી રીક્રુટમેન્ટને તબદીલ થયેલા પત્રની નકલ, રીક્રુટમેન્ટ તરફથી મુદ્દા નં.૨ અંગે સેન્ટ્રલઝોનમાં તબદીલ થયેલા પત્રની નકલ, તથા સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૫૦૬ તા.૨૪–૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર તમામઝોન , હાઈડ્રોલીક વિભાગ, ડ્રેનેજ, આરોગ્ય વિભાગ, ચીફ ફાયર ઓફિસર, ગાર્ડન વિભાગને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, આરોગ્ય અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.પીએચડી/ સો.વે.મે./ આ.નં.૨૯૦૪ તા.૧૦–૨–૧૧ ના પત્રની નકલ તથા સોલીડ વેસ્ટ તરફથી વાહનો ,ડ્રાઈવરો અને વાહનના પ્રકારોનું લીસ્ટ મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/ મહેકમ/આ.નં.૭ તા.૧–૪–૧૧ થી પૂરક વિતગોમાં જાહેર માહિતી અધિકારીને આપેલી માહિતી અંગે આપેલી માહિતી અંગે સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪ તા.૧–૪–૧૧ના પત્રની નકલ તથા અરજદારને આપેલ વાહન નંબર, વાહનનો પ્રકાર, ડ્રાઈવરનું નામ અને નિમણુંક તારીખ સહિતના પત્રકની નકલ , અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૬૪ તા.૧૦–૩–૧૧ ના પત્રની નકલ, તથા વર્કશોપ તરફથી આપેલ હેવી વ્હીકલ લીસ્ટના પત્રકની નકલ અત્રે મળેલ છે. જયારે સેન્ટ્રલઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૨–૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૨ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી પર્સોનલ ઓફિસર (આર) રીક્રુટમેન્ટને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૪૩ તા.૧૩–૧–૧૧ થી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ કરવામાં આવેલ. પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી / ૧૩૯૩ તા.૧૩–૧–૧૧ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને મુદ્દા નં.૧ માટે તથા મુદ્દા નં.૨ અંગે ડે.ઈજનેર વર્કશોપને તબદીલ કરવામાં આવેલ. જે અંગે ડે.ઈજનેર વર્કશોપ તરફથી પત્ર નં.ઓટો વર્કશોપ/આ.નં.૮૮૪ તા.૨૦–૧–૧૧ થી આંશિક માહિતી પૂરી પાડી અને વર્કશોપ/આરટીઆઈ/જાવક/૩૩ તા.૧૯–૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. રીક્રુટમેન્ટ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૪૦૬

તા.૨૧–૧–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન, રાંદેરઝોન, ઉધનાઝોન, વરાછાઝોન, કતારગામઝોન, અઠવાઝોન, સેન્ટ્રલઝોન, ડ્રેનેજ, ફાયર, હાઈડ્રોલીક, આરોગ્ય અને ગાર્ડનને તબદીલ કરવામાં આવેલ. લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.લીંબાયત/આરટીઆઈ/૩૭૦૫ તા.૨૪–૧–૧૧ થી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૦૬ તા.૨૪–૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર તમામઝોન હાઈડ્રોલીક, ડ્રેનેજ, આરોગ્ય, ગાર્ડન અને ચીફ ફાયર વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્ર નં.ઓટી/વર્કશોપ/૮૮૪ તા.૨૦–૧–૧૧ થી મુદ્દા નં.૨ ની આંશિક માહિતીમાં " સુરત મહાનગરપાલિકાના હેવી વ્હીકલ વાહનોની યાદી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે તથા મુદ્દાની અન્ય આંશિક માહિતી માટે અરજી રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે જેની જાણ અરજદારને તા.૧૯–૧–૧૧ ના તબદીલ પત્રથી કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૮૮૦ તા.૩૧–૧–૧૧ થી મુદ્દા નં.૨ અંગેની માહિતી હેવી વ્હીકલના નામ, વ્હીકલ નંબર અને ડ્રાઈવરનું નામ લોકસેવા વિભાગ અને આરોગ્ય વિભાગને સમાવિષ્ટ કરતું ૧૫ ડ્રાઈવર–વાહન દર્શાવતું પત્રક પુરું પત્રકો પૂરા પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી ડ્રેનેજ વિભાગના ડ્રાઈવરનું નામ તથા વાહનના પ્રકારની માહિતી પત્ર નં.ડીએનજી/ આરટીઆઈ/૩૬ તા.૪–૨–૧૧ થી અરજદારને ૧૦ વાહન તથા ડ્રાઈવરની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૪૬ તા.૮–૨–૧૧ થી " મુદ્દા નં.૧ થી માંગેલી માહિતીના સદર્ભમાં બીપીએમસી એકટની કલમ–૫૧ થી ૫૪ ની જોગવાઈઓ અંતર્ગત શીડયુલ ઉપર ઉપસ્થિત જગ્યાઓ ભરવા અંગે સ્ટાફ સીલેકશન સમિતિ ધ્વારા યાદીઓ તૈયાર કરવામાં આવે છે. સદર યાદી બે વર્ષ સુધી અમલમાં રહે છે. ઉપર જણાવ્યા મુજબ મંજુર થયેલ મહેકમની ખાલી પડતી જગ્યાઓ ઉપર પ્રતિક્ષાયાદીમાંથી નિમણુંક આપવામાં આવે છે. તથા બીપીએમસી એકટની કલમ–૫૧ થી ૫૪ ની ઝેરોક્ષ નકલ રૂા.૪/– ભર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. . જે અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૪૭ તા.૮–૨–૧૧ થી માહિતી અધિકાર અધિનિયમ કલમ–૬(૧) અને ગુજરાત માહિતી અધિકારીના નિયમો ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ તમારી તા.૧૨–૧–૧૧ થી આઈ ડી ન.૧૦૫૬ થી અરજીથી માંગેલ ખાતાના લાગત માહિતી દસ્તવેજો માટે રૂા.૪/– જમા કરવાનું ફરમાવવામાં આવેલ. જે અંગે અરજદારને રસીદ નં.૨૧૦ ૭૪૯ થી રૂા.૪/– ભરપાઈ કરેલ જે અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૧૪ તા.૧૧–૨–૧૧ થી અરજદારને બીપીએમસી એકટના કાયદાની કલમ–૫૧ થી કલમ–૫૬ ની જોગવાઈઓનું પાના ન.૩૦ અને ૩૧ ની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૭૧૭ તા.૪–૨–૧૧ થી માંગવામાં આવેલી માહિતી રૂા.૨/– ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૨૧૦૭૩૦ તા.૮–૨–૧૧ ના રોજ ભરપાઈ કરેલ છે અને અરજદારને હેવી વ્હીકલ નામ, નંબર અને હેવી વ્હીકલ ડ્રાઈવરનું નામ ૧૯ વાહનની યાદી સાથે પત્રક પુરું પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ તરફથી પત્ર નં.એફબી/એસપી/જાવક નં.૨૦૯૧ તા.૯–૨–૧૧ થી મુદ્દા નં.૨ આંશિક અંગેની માહિતી " ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસ વિભાગના અનુક્રમે ૧ થી ૨૦ ડ્રાઈવરોને ખાતાના વાહનો જેવા કે, એમ્બ્યુલન્સ, શબવાહીની, ડેડ બોડી કમ પેસેન્જર વાન, વોટર ટેન્ડર, વોટર ટેન્કર વિગરે દૈનિક ખાતાની જરૂરીયાત મુજબ ફળવણી કરવામાં આવે છે. ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસ આવશ્યક સેવાને ધ્યાને લઈ વાહનો ઉપર કાયમી ધોરણે ડ્રાઈવરોની ફાળવણી કરવામાં આવેલ નથી તેમજ ૨૧ થી ૨૫ મુજબના ડ્રાઈવરોને કોમનપુલ વિભાગના વાહનોની ફાળવણી કરવામાં આવેલ છે. તેવા ૧ થી ૨૫ ડ્રાઈવરોની યાદી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૮૧ તા.૯–૨–૧૧ થી મુદ્દા નં.૨ અંગે હેવી વ્હીકલ ડ્રાઈવરની નિમણુંક સંદર્ભે સાઉથઝોન ઉધના વાહનડેપો ખાતેના વ્હીકલ ગાડીની વિગત, ગાડી નંબર તથા વ્હીકલ ગાડીના ડ્રાઈવરના નામ દર્શાવતું ૧૯ ક્રમનું પત્રક અરજદારને પુરું પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં. પીએચડી/સો.વે.મે./આ.નં.૨૦૦૪ તા.૧૦–૨–૧૧ થી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને મુદ્દા નં.૨ અંગે સો.વે.મે. વિભાગને ફાળવેલ હેવી વ્હીકલના નામ વાહન નંબર અને હેવી વ્હીકલ ડ્રાઈવરના નામનું પત્રક–૧૩ ક્રમ માટેનું અરજદારને પુરું પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૩૦૫ તા.૧૪–૨–૧૧ થી મુદ્દા નં.૨ અંગે અરજદારને કર્મ નંબર, કર્મ.નું નામ, હોદ્દો, ફરજનું સ્થળ, ફાળવેલ વાહનનો નંબર, ફાળવેલ વાહનનો પ્રકાર દર્શાવતું ૨૧ ક્રમનું પત્રક પુરું પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૧૪ તા.૨૫–૨–૧૧ થી મુદ્દા નં.૨ અંગે અરજદારને ગાડી નંબર, ગાડીનો પ્રકાર, ડ્રાઈવરનું નામ અને કર્મ. નંબરની ૧૬ ક્રમની વિગત પૂરી પાડવામાં આવેલ છે. તેમજ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૦૬ તા.૨૪–૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર તમામઝોન , ડ્રેનેજ વિભાગ, હાઈડ્રોલીક, આરોગ્ય, ગાર્ડન અને ફાયરને અરજી તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં જુદા જુદા ખાતા/ઝોનના જાહેર માહિતી અધિકારીઓ પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) ,ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન, ડે.ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી (વર્કશોપ), ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા અપૂરતી અયોગ્ય માહિતીથી નારાજ થઈ તા.૩–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૧ અંગે જીઆરના બદલે બીપીએમસી એકટની કલમ–૫૧ થી ૫૪ ની નકલ પૂરી પાડેલ છે તેવું જણાવી માહિતી અપૂરતી હોવાની અરજદારે અપીલમાં રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને માંગેલ માહિતી હેવી વહીકલ ડ્રાઈવરોની નિમણુંક જે કાયદાની જોગવાઈ અનુસાર કરવામાં

આવતી હોય તે કાયદાની જોગવાઈની વિગતો જણાવતી બીપીએમસી એકટની કલમ–૫૧ થી ૫૪ ની જોગવાઈઓ જણાવવામાં આવેલ છે. જેમાં કલમ–૫૨ માં કાયમી અધિકારી અને નોકરોને નોકરીમાં રાખવા ઉપર તથા કલમ–૫૩ માં નિમણુંક કરવાની સત્તા કોને પ્રાપ્ત થશે તે પણ જણાવેલ છે. તેમજ કલમ–૫૪ માં નિમણુંક કરવાની રીત પણ જણાવેલ છે. આમ અરજદારને નિમણુંક અંગેની માહિતી માંગવામાં આવેલ તે પૂરી પાડેલ છે. જયારે મુદ્દા નં.૨ (૧) અંગે મ્યુ. વર્કશોપ તરફથી ૨૨૨ હેવી વ્હીકલના નામ નંબર અને મેક વિગેરેની માહિતી આપેલ છે સામે ૨૧૮ ડ્રાઈવરોની વિગત જણાવેલ નથી તેવું જણાવી માહિતી અપૂરતી હોવાનું અરજદારે અપીલમાં જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારે ૨૧૮ ડ્રાઈવરોની નિમણુંક કરવામાં આવેલ તેઓને કઈ કઈ ગાડીઓ ઉપર પોસ્ટીંગ કરવામાં આવેલ છે તેની ગાડી નંબર સહિતની માંગણી કરેલ છે. મ્યુ. વર્કશોપ વિભાગ ધ્વારા જે વાહનો જે તે ઝોનમાં ફાળવેલ છે તેની ઉપલબ્ધ માહિતી મ્યુ. વર્કશોપ ખાતેથી આપવામાં આવેલ છે પરંતુ જે તે ઝોન ધ્વારા આ નવા નિમણુંક પામેલા ડ્રાઈવરોની નિમણુંક કયા વાહન ઉપર કરવામાં આવેલ છે તેની માહિતી વર્કશોપ ખાતામાં ઉપલબ્ધ નથી પરંતુ જે તે ઝોનને માહિતી આપવા માટે આરટીઆઈ/આ.નં.૧૬૨૮ તા.૧૧–૨–૧૧ થી તબદીલ કરવામાં આવી હતી. આમ મ્યુ. વર્કશોપ ધ્વારા રેકર્ડ ઉપર જે માહિતી હતી તે પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલમાં મુદ્દા નં.૨ (૨) લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૬૪ તા.૧૦–૩–૧૧ થી મુદ્દા નં.૨ અંગે આરોગ્ય વિભાગના વાહન ડેપો ધ્વારા તૈયાર કરેલ પૂરક વિગતો જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ છે. ત્યાર બાદ અન્ય વાહનો અંગેની માહિતી પણ અરજદારને નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪ તા.૧–૪–૧૧ થી તા.૬–૨–૦૯ થી તા.૩૧–૧૦–૧૦ સુધીના વાહનો તેમજ વાહન ડ્રાઈવરોની ૧૮ ક્રમની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે તા.૧૦–૩–૧૧ ના પત્રથી ૬૭ ક્રમની માહિતી પૂરી પડાયેલ છે તેમ છતાં મુદ્દા નં.૨ ની માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. તેવી અરજદારે અપીલમાં રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૨(૩) ડ્રેનેજ ઈજનેરના ૧૦ ડ્રાઈવરોની માહિતી હેવી વ્હીકલ નંબર આપેલ નથી તેવું જણાવી માહિતી અપૂરતી છે. તેવી અરજદારે અપીલમાં રજૂઆત કરેલ છે. જે જાહેર માહિતી અધિકારીએ તેવી માહિતી અરજદારને પૂરી પાડેલ જણાતી નથી. મુદ્દા નં.૨(૪) બહાદુરસિંહ ચાવડા અને કે.એન. ચૌહાણના નામો ૨૧૮ હેવી વહીકલ ડ્રાઈવરોની નિમણુંકમાં સામેલ નથી તેવી અપીલમાં રજૂઆત કરેલ છે. જે પ્રશ્ન અરજદારે એક તરફથી અરજદારે અપીલમાં ૭૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની માહિતી મળેલ નથી ત્યારે તેવો પ્રશ્ન હાલ તબકકે અસ્થાને ગણી શકાય. મુદ્દા નં.૨(૫) રાંદેરઝોનમાં નાણા ભર્યા છતાં નકલ પૂરી પાડેલ નથી તેવી અરજદારે અપીલમાં રજૂઆત કરેલ છે. અરજદારે રસીદ નં.૨૧૦૭૩૦ તા.૮–૨–૧૧ ના રોજ સેન્ટ્રલઝોન ખાતે ભરેલ છે. પરંતુ અરજદારે તે રસીદ રાંદેરઝોનમાં રજૂ કરેલ છે કે કેમ? અને ત્યાર બાદ જાહેર માહિતી અધિકારીએ નકલ પૂરી પાડેલ ન હોવાના કોઈ આધાર રજૂ કરેલ નથી તેમ છતાં અરજદાર નાણા ભર્યાની પહોંચ અત્રે રજૂ કરેલ હોય અરજદારને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને માહિતી પૂરી પાડવી રહે. મુદ્દા નં.૨(૬) ફાયર ખાતા તરફથી હેવી વ્હીકલના નામ અને નંબર વગરની અધૂરી અને અપૂરતી માહિતી આપ્યાની અરજદારે અપીલમાં રજૂઆત કરેલ છે. જે અંગે ફાયર વિભાગે પૂરક વિગતોમા ફાયર અને ઈમરજન્સી વિભાગના ડ્રાઈવરોની યાદી જણાવેલ છે પરંતુ તે માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી તેમજ ફાયર વિભાગના હેવી વ્હીકલ વાહનોની નામ, નંબર સાથેની માહિતી પૂરી પડાયેલ નથી જે અરજદારને પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૨(૭) આરોગ્ય અધિકારીએ આપેલ માહિતીમાં બે ડ્રાઈવરો અન્ય ખાતામાં ફરજ બજાવે છે તેની વિગત જણાવેલ નથી. તેવું જણાવી માહિતી અયોગ્ય હોવાનુ રજૂઆત અરજદારે અપીલ તબકકે કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ તેમના ખાતામાં જો કોઈ વાહન ફાળવેલ હોય તો તેની દફતરી ઉપલબ્ધ વિગત અન્યથા અન્ય વિભાગમાં ફાળવેલ હોય તો તે અંગેની વિગતો જણાવવી રહે. હેવી વ્હીકલ અંગેની માહિતી જો દફતરે ઉપલબ્ધ હોય તે વિગતે અરજદારને પૂરી પાડવાની રહે. તેમજ તેમના હસ્તકના વીબીડીસી, માર્કેટ , વેકસીનેશન, મોબાઈલ ડીસ્પેન્સરી તેમજ આઈસીડીએસ ઘટક–૧,૨,૩ ની નહીં પૂરી પાડેલી વિગતો પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૨(૮) સેન્ટ્રલઝોનમાં ૧૬ વ્હીકલો સામે ૧૮ ડ્રાઈવરની માહિતી આપેલ છે તેવું જણાવી માહિતી અયોગ્ય હોવાની રજૂઆત અરજદારે અપીલ તબકકે કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ વધુ બે ડ્રાઈવરો અંગે કોઈ વાહન ફાળવેલ હોય કે પાળીમાં ફરજ બજાવતા હોય તેવી દફતરી ઉપલબ્ધ વિગત પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૨(૯) અરજદારે કુલ ૭૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની માહિતી નહીં મળ્યાની અપીલ તબકકે રજૂઆત કરેલ છે જે અંગે જુદા જુદા ઝોન/ખાતાઓને અરજી તબદીલ કરવામાં આવેલ છે જે તેઓ તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. જે જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને નહીં પૂરી પડાયેલી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક, ડીનશ્રી સ્મીમેર મેડીકલ કોલેજ અને હોસ્પિટલ, એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી હાઉસીંગ (ગાર્ડન), ઈ.ચા. ડે.કમિ. ફાયનાન્સ અને જાહેર માહિતી અધિકારી , આકારણી અને વેરા વસુલાત સેન્ટ્રલ સેલ, માર્કેટ સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી સરથાણા નેચર પાર્ક, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલ,ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડ તરફથી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાતી નથી.

આમ અરજદારને મુદ્દા નં. ૧ બાબતે મધ્યસ્થ મહેકમ તરફથી સુરત મહાનગરપાલિકના ડ્રાઈવરોની નિમણુંકના આધાર અને નિયમો અંગેની બીપીએમસી એકટની જોગવાઈઓ અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે અપીલના મુદ્દા નં.૨ (૩) અંગે અરજદારે અપીલમાં ડ્રેનેજ વિભાગ તરફથી નહીં પૂરી પાડેલ માહિતી સંદર્ભે અરજદારે ડ્રેનેજ વિભાગમાં ૧૦ ડ્રાઈવરોની હેવી વહીકલ ગાડી નંબર પૂરા પડાયેલ નથી જે પૂરા પાડવાના રહે. અપીલમાં મુદ્દા નં.૪ માં અરજદારની અપીલમાં રાંદેરઝોન તરફથી નહીં પૂરી પાડેલ માહિતી સંદર્ભે રાંદેરઝોન તરફથી જાહેર માહિતી

અધિકારીએ માહિતી મેળવવા અંગે નાણા ભરવા વેસ્ટઝોન/આરટીઆઈ/૭૧૭ તા.૪–૨–૧૧ ના પત્રથી જણાવેલ જેના સંદર્ભે સેન્ટ્રલઝોનમાં રસીદ નં.૨૧૦૭૩૦ થી રૂા.૨/– નાણા ભરપાઈ કર્યાના પુરાવા અરજદારે રજૂ કરેલ હોય નાણા ભરેલ હોવા છતાં ડ્રાઈવરોના યાદીનું લીસ્ટ પૂરા પાડેલ નથી. તેવી અરજદારની અપીલની રજૂઆત કરેલ છે. તેથી અરજદારને તેની નકલો અરજદારને પૂરી પાડવાની રહે. અપીલમાં મુદ્દા નં.૬ અરજદારે અપીલમાં ફાયર ખાતાની નહીં પૂરી પાડેલ વિગતોના સંદર્ભે ફાયર ખાતાના ઈમરજન્સી ડ્રાઈવરોની યાદી અત્રે પૂરક વિગતોમાં જણાવેલ છે પરંતુ અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી તેમજ હેવી વ્હીકલોના નામ અને નંબરની યાદીની વિગતો પૂરી પડાયેલ નથી. મુદ્દા નં.૭ અરજદારે અપીલમાં આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગો વીબીડીસી, માર્કેટ, વેકશીનેશન, મોબાઈલ ડીસ્પેન્સરી તેમજ આઈસીડીએસ ઘટક–૧–૨–૩ ની વિગતો પૂરી પડાયેલ જણાતી નથી. જે અરજદારને પૂરી પાડવાની રહે. અપીલના મુદ્દા નં.૮ અરજદારે અપીલમાં સેન્ટ્રલઝોનમાં આપેલી માહિતીમાં વધુ બે ડ્રાઈવરોના ફાઈવણીના વાહનો કે ફરજની વિગત જણાવેલ નથી જે પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ અંગે ઉકત ફરીયાદ હકીકતમાં જણાવેલ વિગતે નહીં પૂરી પડાયેલી માહિતી અંગે અનુક્રમે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ હેવી વ્હીકલ નંબર માટે ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ફી ભર્યા બાદ નકલ નહીં મળ્યા અંગે ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ફાયર ડ્રાઈવરોની પૂરક વિગતોમાં રજૂ થયેલ યાદીની નકલ માટે ઈ.ચા. ડે.કમિ.(હે અનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી અન્ય ફરજ બજાવતા ડ્રાઈવરની વિગત માટે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને બે વધારાના ડ્રાઈવરની ફરજ વિગત માટે તથા ઉપરોકત ફરીયાદ હકીકતમાં મુદ્દા નં.૨(૯) માં જણાવેલ જે જાહેર માહિતી અધિકારીઓ તરફથી માહિતી આપવામાં આવેલ નથી તેવા જાહેર માહિતી અધિકારીઓ (૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન (૨) ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી સ્મીમેર કોલેજ અને હોસ્પિટલ, સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક, વીજીલન્સ એન્ડ ઈનસ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી , ઈ.ચા. કાર્યપાલક ઈજનેર હાઉસીંગ અને જાહેર માહિતી અધિકારી ગાર્ડન, ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી આકારણી સેન્ટ્રલસેલ, માર્કેટ સુપ્રિ. અને સરથાણા, ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલ, ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,

(૧) પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ),(૨) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(નોર્થઝોન, મધ્ય.મહેકમ),(૩) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન,હાઈડ્રોલીક), (૪) ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી (વર્કશોપ), (૫) ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અનુ જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), (૬) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ( સેન્ટ્રલઝોન),(૭) ઈ.ચા.ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ (આરોગ્ય, વીબીડીસી,માર્કેટ,મોબાઈલ ડીસ્પેન્સરી, વેકસીનેશન ,આઈસીડીએસઘટક–૧–૨–૩), (૮) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ), (૯) ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),(૧૦) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન),(૧૧) ડીન શ્રી અને જાહેર માહિતી અધિકારી(સ્મીમેર કોલેજ, હોસ્પિટલ) ,(૧૨) વીજીલન્સ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,(૧૩)ઈ.ચા. કાર્યપાલક ઈજનેર હાઉસીંગ અને જાહેર માહિતી અધિકારી ગાર્ડન, (૧૪) ઈ.ચા. ડે.કમિ.ફા. અને જાહેર માહિતી અધિકારી (આકારણી સેન્ટ્રલ સેલ), (૧૫) માર્કેટ સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (સરથાણા પ્રાણી સંગ્રહાલય) ,(૧૬) ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ), (૧૭) ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફિસર અને જા.મા.અ. (વોચ એન્ડ વોર્ડ),.....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,